પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર(સરકાર માન્ય
વાજબી ભાવની દુકાનો) ફાળવવા બાબત

ગુજરાત રાજય
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ઠરાવ ક્રમાંક : વભદ/૧૨૨૦૧૭/ઓ-૧૮૫૫/ક
૧૪,સરદારભવન, પાંચમો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૦૫/૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) The persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995

(૨) The Rights of persons with Disabilities Act, 2016

(3) વિભાગનો તા.૨૬/૦૮/૨૦૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

આમુખ:-

રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુનું વિતરણ કરવા માટે વાજબી ભાવની દુકાનો ફાળવવા બાબતે સંદર્ભ (3) થી સંકલિત ઠરાવ કરવામાં આવેલ છે. જેમાં દિવ્યાંગ જન (Person with Disabilities) માટે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) ફાળવવા બાબતે નીતિ નકકી કરવામાં આવેલી છે, તેના ફકરા ૪.૨(અ) થી ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવવાનો અગ્રતા ક્રમ નકકી કરવામાં આવેલો છે અને ૪.૨(બ) થી શહેરી વિસ્તાર માટે શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવવા માટેનો અગ્રતા ક્રમ નકકી કરવામાં આવેલ છે અને The Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995 મુજબ દિવ્યાંગ જન માટે 3 ટકા પ્રમાણે દુકાન ફાળવણીની જોગવાઇ કરવામાં આવેલી છે.

ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ લો જસ્ટીસ એન્ડ કંપની એફેર્સના અસાધારણ ગેઝેટમાં The persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full Participation) Act, 1995 રદ કરીને The Right of persons with Disabilities Act, 2016 અમલમાં આવેલ છે. તેની

કલમ-૩૭ ની જોગવાઇ મુજબ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર(સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો) ફાળવવા સંદર્ભ (૩) માં જણાવેલ ઠરાવથી દિવ્યાંગ જન (Person with Disabilities) માટે થયેલ 3 ટકાની જોગવાઇ સુધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે The Rights of persons with Disabilities Act, 2016 ની જોગવાઈ ૩૭(બી) અન્વયે સંદર્ભ (૩) માં ઉલ્લેખિત ઠરાવની હાલની જોગવાઇ ૪.૨(અ)(V) અને ૪.૨(બ)(V)ને બદલે નીચે મુજબની જોગવાઇ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"૪.૨(અ)(V) દિવ્યાંગ જન (Person with Disabilities) ને ૫% પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે.

૪.૨(બ)(V) દિવ્યાંગ જન (Person with Disabilities) ને ૫% પ્રમાણે દુકાનોની ફાળવણી દરેક કેટેગરીમાં ફાળવવામાં આવેલ ટકાવારીની મર્યાદામાં થાય તે જોવાનું રહેશે."

દિવ્યાંગ જન(Person with Disabilities) ની પસંદગીમાં ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ લો એન્ડ જસ્ટીસના અસાધારણ ગેઝેટમાં The Right of persons with Disabilities Act, 2016 માં પ્રસિધ્ધ કર્યા અનુસાર સક્ષમ સત્તાધિકારીએ પ્રમાણિત કર્યા મુજબ ઉમેદવાર/સંસ્થા ૪૦(ચાલીસ) ટકાથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતા હોય તે જરૂરી છે. અલબત્ત, વાજબી ભાવની દુકાન માટે આપવામાં આવતા અધિકાર પત્ર, કરારનામાની શરતો તથા જાહેર વિતરણને લગતી તમામ કાર્યવાહી કરી શકે તેવા સક્ષમ જણાંતા હોય તેવી વ્યકિતને વાજબી ભાવની દુકાનની ફાળવણી માટે વિચારણામાં લેવાનું ધોરણ રાખવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભગવતી દવે )
સેક્શન અધિકારી
અ.ના.પુ અને ગ્રા.બાનો વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

૩. અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા.વિ.સચિવાલય,ગાંધીનગર

૪. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર

૫. નિયામકશ્રી, અન્ન, નાગરિક પુરવઠા, સચિવાલય,ગાંધીનગર

૬. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ

૭. અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર

૮. સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ

૯. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ

૧૦. સિસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૧. શાખા પસંદગી ફાઈલ